**મે.અમદાવાદ ખાતેનાં મજૂર અદાલતનાં જયુડી.મેજીસ્ટ્રેટની કોર્ટમાં, મુ.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૫૫૩/૨૦૨૨.**

આંકઃ–૮

**ફરિયાદીઃ– ગુજરાત સરકાર વતી શ્રી આર.પી.ભંડેરી,**
**સરકારી શ્રમ અધિકારી અને કોન્ટ્રાકટ મજુર**
**(નિયમન અને નાબુદી)**
**અધિનિયમ–૧૯૭૦ અન્વયેનાં નિરીક્ષક,**
શ્રમભવન,ખાનપુર, અમદાવાદ.

**વિરુધ્ધ**

**આરોપીઓ:- (૧) વેગા ઈન્ડિયા પ્રા.લી.**
**ઈ-૫૬૫, સાણંદ ઈન્ડ. એસ્ટેટ, છેઝ-૨, રસુલપુરા, સાણંદ, અમદાવાદ**
**(૨) શ્રેયાંશભાઈ જૈન-ડાયરેકટર**
**c/o વેગા ઈન્ડિયા પ્રા.લી.**
**ઈ-૫૬૫, સાણંદ ઈન્ડ. એસ્ટેટ, છેઝ-૨, રસુલપુરા, સાણંદ, અમદાવાદ**

**ગુન્હોઃ– કોન્ટ્રાકટ લેબર એકટ ૧૯૭૦ અને કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબુદી) (ગુજરાત ) નિયમો, ૧૯૭૨ હેઠળ નાં ભંગ બદલ કલમ–૨૪ હેઠળ શિક્ષાપાત્ર ગુનો.**

---

ફરિયાદી તરફેઃ–
આરોપી તરફે.. વિ.વ.શ્રી વી.એસ.પાટીલ.

---

**––:: ઠ રા વ ::–**

(૧) ફરિયાદપક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરિયાદી તા.૧૭–૫–૨૦૨૨ નાં રોજ તહોમતદાર સંસ્થાની મુલાકાત લેતા, કોન્ટ્રાકટ લેબર એકટ ૧૯૭૦ અન્વયેનાં **નિયમ–૨૧(૪)** નો ભંગ કરેલ હોવાથી ફરિયાદ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) ઉપરોક્ત સંદર્ભની ફરિયાદ જે તે વખતે સબંધિત અત્રેની કોર્ટ સમક્ષ ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૧૯૦(૧)(એ) મુજબ ફરિયાદીએ રજુ કરતા સબંધિત કોર્ટ દ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૦(એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૩) હાલની ફરિયાદ અત્રેની અદાલત દ્વારા આ કામનાં આરોપીને સમન્સ કરતા, આરોપી સંસ્થા વતી આરોપીનાં ઓથોરાઈઝ્ડ પર્સન જાતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓનો ઓથોરીટી લેટર રજુ કરેલ છે, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ, ત્યારબાદ તેઓની પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરે છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) હાલનાં કામે તહોમતદારનાં ઓથોરાઈઝ્ડ પરસન એ ગુનાની કબુલાત પુરસીસ રજુ કરતા આરોપીને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરુદ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં તેઓ તમો તહોમતદાર વતી હાલનો ગુનો કબુલ કરતા હોવાનું જણાવે છે, ત્યારબાદ તમામ તહોમદાર વતી તેમનાં ઓથોરાઈઝ્ડ પરસન ની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ તેઓ આ કામે તહોમતદાર કંપનીનાં ઓથોરાઈઝ્ડ પરસન તરીકે હાલનો ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે. આમ, આ કામે તહોમતદાર કંપની તેમનાં ઓથોરાઈઝ્ડ પરસન વતી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનું જણાય છે.

(૫) ઉપરોક્ત રજુઆત તથા કેસની હકીકત તથા કાયદામાં કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાનમાં લેતા, આ કામે તહોમતદાર તે કંપનીનાં જવાબદાર અધિકારી હોય, તેમજ તેઓ સ્વેચ્છાપુર્વક રાજી ખુશીથી હાલનો ગુનો તેમનાં ઓથોરાઈઝ્ડ પરસન મારફતે કબુલ રાખતા હોય, હાલનાં તહોમતદારને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોર્ટનું માનવુ છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું–૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને લક્ષમાં લેતાં, હાલનાં આરોપી વિરુદ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**--:: હુ ક મ ::--**

૧) સદર કામે આરોપી/સંસ્થાને ક્રિ.પ્રો.કો.કલમ–૨૫૨ અન્વયે કોન્ટ્રાક્ટ લેબર એક્ટ ૧૯૭૦ હેઠળનાં **નિયમ–૨૧(૪) નાં** ભંગ બદલ કલમ–૨૪ હેઠળ તકસીરવાન ઠરાવીને દરેક આરોપીને આંક–૧ ની ફરિયાદમાં જણાવેલ દરેક નિયમોનાં ભંગ

બદલ રૂા.૫૦૦/– લેખે એટલે કે રૂા.૫૦૦/– x ૨ આરોપી x ૧ નિયમ ભંગ = **રૂા.૧૦૦૦/– (અંકે રૂપિયા ચાર એક હજાર પુરા)** નો દંડ, અને જો દંડ ન ભરે તો દિન–૩૦ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી વતી ઓથોરોટી આધારે હાજર રહેનાર વ્યક્તિ દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૯–૯–૨૦૨૩ નાં રોજ અત્રેની કોર્ટનાં સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખઃ–૯–૯–૨૦૨૩.
સ્થળઃ અમદાવાદ

**( જુઝર અબ્બાસભાઈ રંગવાલા)**
**CODE : GJ00706**
**જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ ( જુનીયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

Abhijeet,P.A.